# અમદાવાદમ્યુનિસિપલકોર્પોરેશન

**મ્યુનિસિપલ કમિશનરશ્રીની સેન્ટ્રલ ઓફિસ**

**સરદાર પટેલ ભવન, દાણાપીઠ, અમદાવાદ-૩૮૦૦૦૧**

**સરક્યુલર નં. : ૨૨ તારીખ :૦૯/૦૬/૨૦૨૫**

---

**વંચાણે લીધો : કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ અમદાવાદની કચેરીના હુકમ નં. AC / ADM-1 / સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મૂક્ત ગુજરાત / હુકમ / ૨૦૨૫, તા.૩૧/૦૫/૨૦૨૫**

આપણા દેશના લોકલાડીલા અને ગુજરાતના પનોતાપુત્ર માનનીય વડાપ્રધાનશ્રીના પ્રયાસોથી સમગ્ર વિશ્વમાં ૨૧મી જૂનના દિવસને " આંતરરાષ્ટ્રીય યોગ દિવસ" તરીકે ઉજવવામાં આવે છે. જેના ભાગરૂપે રમતગમત વિભાગ હેઠળ ગુજરાત રાજ્ય યોગ બોર્ડની રચના કરવામાં આવેલ છે. જેનો હેતુ સમગ્ર ગુજરાતના લોકો નિરોગી રહે અને રાજ્યના દરેક નાગરિકને સ્વસ્થ જીવનશૈલી અને નિરોગી જીવન જીવવા માટે પ્રોત્સાહિત કરવાનો છે.

જે સંદર્ભે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા "સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મૂક્ત ગુજરાત" અભિયાન અંતર્ગત કાર્યક્રમો કરવામાં આવેલ છે. જે અંતર્ગત **તા.૧૧/૦૬/૨૦૨૫ ના રોજ સવારના ૦૫:૩૦ થી ૦૭:૩૦ કલાક દરમિયાન રીવરફ્રન્ટ ઇવેન્ટ સેન્ટર, અમદાવાદ** ખાતે **યોગ શિબિર**નું આયોજન કરવામાં આવેલ છે, જેમાં મુખ્ય અતિથિ માન. મુખ્યમંત્રીશ્રી, ગુજરાત સરકાર ઉપસ્થિત રહેનાર છે.

આથી ઝોનલ ઓફીસ સહીત તમામ ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ , સીનીયર આસી મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ, આસી મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ, તમામ ખાતાના વડા અધિકારીશ્રીઓ તેમના તાબા હેઠળના તમામ સ્ટાફ સાથે **તા.૧૧/૦૬/૨૦૨૫ ના રોજ સવારના ૦૫:૦૦** કલાકે **રીવરફ્રન્ટ ઇવેન્ટ સેન્ટર, અમદાવાદ** ખાતે હાજર રહેવાનુ રહેશે.

ખાતાના વડા અધિકારીશ્રીએ સદરહુ સરક્યુલર નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવાનો રહેશે અને તેમના તાબા હેઠળના કર્મચારીઓને ઉપરોક્ત તારીખ, સમયે અને સ્થળે તાબા હેઠળના કર્મચારીઓને અચૂક હાજર રહેવા નોધ લેવડાવવાની રહેશે.

સહી :- બંછાનિધિ પાની

મ્યુનિસિપલ કમિશનર